# ૧૫મી ગુજરાત વિધાનસભા

## ચોથું સત્ર

| | |
|---|---|
| અગ્રતાક્રમ | **૧૫** |
| તારાંકિત પ્રશ્ન ક્રમાંક | ૧૫/૪/૨૧૫૯ |
| પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ | શ્રી જીતેન્દ્રકુમાર રમણલાલ પટેલ (નારણપુરા) |
| પ્રશ્નનું શીર્ષક | એજ્યુકેશન લોન પર વ્યાજ સહાય |
| વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ | ૨૯/૦૨/૨૦૨૪ |
| વિભાગ | શિક્ષણ વિભાગ (ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ) |

# અગ્રતા ક્રમ – ૧૫

| તારાંકિત પ્રશ્ન ક્રમાંક | ૧૫/૪/૨૧૫૯ |
| --- | --- |
| પૂરક પ્રશ્ન પુછનાર<br>માન. ધારાસભ્યશ્રીનું નામઃ | |

**પ્રશ્ન–૧ : એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી (સહાય) યોજના ક્યારથી અમલમાં આવી અને તેમાં ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ માટે શું ધારાધોરણ રાખવામાં આવેલ છે? તથા એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી(સહાય) યોજનામાં વ્યાજ સબસિડી (સહાય) કેટલા વર્ષ માટે મળવાપાત્ર છે?**

**જવાબ :** એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી (સહાય) યોજના શિક્ષણ વિભાગના તા.૦૪/૦૭/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૧૭/ ૨૨૭૧૪૯–ખ થી અમલમાં આવી. **એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી(સહાય) યોજના** અન્વયે નીચે મુજબના ધારાધોરણો રાખવામાં આવેલ છે.

(૧) ગુજરાત રાજ્યમાં માન્ય બોર્ડમાં ધોરણ–૧૨માં ૬૦% કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવેલ હોવા જોઈએ

(૨) વાલીની વાર્ષિક આવક રૂ.૬ લાખ કે તેથી ઓછી હોવી જોઈએ

(૩) શિડયુલ બેંકમાંથી રૂ.૧૦ લાખ સુધીની એજ્યુકેશન લોન લીધેલી હોવી જોઈએ.

એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી(સહાય) યોજનામાં વ્યાજ સહાય મોરેટોરીયમ પિરિયડ(અભ્યાસક્રમનો સમય વત્તા એક વર્ષ) માટે મળવાપાત્ર છે. એટલે કે જો ૪ વર્ષનો અભ્યાસક્રમ હોય તો ૪ + ૧ = ૫ વર્ષ સુધી વિદ્યાર્થીને વ્યાજ સહાય મળવાપાત્ર છે.

**અગ્રતા ક્રમ – ૧૫**

| તારાંકિત પ્રશ્ન ક્રમાંક | ૧૫/૪/૨૧૫૯ |
|---|---|
| પૂરક પ્રશ્ન પુછનાર<br>માન. ધારાસભ્યશ્રીનું નામઃ | |

**પ્રશ્ન–૨ : એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી(સહાય) યોજના અંતર્ગત વર્ષ મુજબ કુલ કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની સબસિડી સહાય ચુકવવામાં આવેલી છે?**

**જવાબ :** એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી(સહાય) યોજના અંતર્ગત વર્ષ મુજબ વિદ્યાર્થીઓને ચૂકવેલ સબસિડી સહાયની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | વિદ્યાર્થીઓની સંખ્યા | કુલ રકમ (રૂ.) |
|---|---|---|
| ૨૦૧૮–૧૯ | ૭૩ | ૧૨૮૫૬૭૮ |
| ૨૦૧૯–૨૦ | ૨૯૪ | ૯૯૩૭૦૦૦ |
| ૨૦૨૦–૨૧ | ૨૧૭ | ૧૧૫૯૪૨૬૨ |
| ૨૦૨૧–૨૨ | ૨૨૮ | ૧૩૪૯૦૨૪૧ |
| ૨૦૨૨–૨૩ | ૨૪૧ | ૧૩૪૨૮૨૯૪ |
| ૨૦૨૩–૨૪ (પ્રક્રિયા ચાલુ) | ૧૭૫ | ૯૮૩૩૮૧૦ |
| **કુલ** | **૧૨૨૮** | **૫૯૫૬૯૨૮૫** |

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| – | મુખ્ય જવાબ | ૨ |
| ૧ | ગુજરાત બહાર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી(સહાય) યોજનાનો લાભ લઈ શકે ? | ૩ |
| ૨ | એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી(સહાય) યોજના હેઠળ કેટલી રકમ વ્યાજ સહાય તરીકે મળવાપાત્ર છે? | ૪ |
| ૩ | એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી(સહાય) યોજના અંતર્ગત અરજી નામંજૂર થવાના કારણો કયા છે? | ૫ |
| ૪ | એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી(સહાય) યોજનામાં ફ્રેશ અરજી કરતા વિદ્યાર્થીઓએ કેવી રીતે અરજી કરવાની રહેશે ? | ૬ |

# 15

**એજ્યુકેશન લોન પર વ્યાજ સહાય**

* 15/4/2159 : **શ્રી જીતેન્દ્રકુમાર રમણલાલ પટેલ** (નારણપુરા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૨૨-૨૩માં એજ્યુકેશન લોન પર વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા વિદ્યાર્થીઓને વ્યાજ માફીનો લાભ મળેલ છે, અને | (૧) ૨૪૧ |
| (૨) ઉક્ત સમયગાળા દરમ્યાન કેટલી રકમની વ્યાજ માફીનો લાભ આપવામાં આવેલ છે ? | (૨) રૂ.૧૩૪.૨૮ લાખ |

---------------------------

## (૧)

**પ્રશ્ન : ગુજરાત બહાર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી(સહાય) યોજનાનો લાભ લઈ શકે ?**

**જવાબ :** હા, ગુજરાત રાજ્યમાંથી ધો.૧૨ની પરીક્ષા ૬૦% કે તેથી વધુ પર્સેન્ટાઈલથી પાસ કરી દેશ કે વિદેશની માન્ય યુનિવર્સીટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ નિયત ધારાધોરણ સંતોષતા હોય તો તેઓએ શિડ્યુલ બેંકમાંથી લીધેલ રૂ.૧૦ લાખ સુધીની એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી(સહાય) યોજનાનો લાભ લઈ શકે છે.

# (૨)

**પ્રશ્ન : એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી(સહાય) યોજના હેઠળ કેટલી રકમ વ્યાજ સહાય તરીકે મળવાપાત્ર છે?**

**જવાબ :** એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી(સહાય) યોજના હેઠળ મોરેટોરીયમ પિરિયડ સુધી ૧૦૦% વ્યાજની રકમ સહાય તરીકે મળવાપાત્ર છે.

# (૩)

**પ્રશ્ન : એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી(સહાય) યોજના અંતર્ગત અરજી નામંજૂર થવાના કારણો કયા છે?**

**જવાબ :** એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી(સહાય)યોજના અંતર્ગત અરજી નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.

1. વિદ્યાર્થીએ ધો–૧૨ની પરીક્ષામાં ૬૦% થી ઓછા પર્સેન્ટાઈલ મેળવેલ હોય.
2. વાલીની વાર્ષિક આવક ૩.૬ લાખ થી વધુ હોય
3. વિદ્યાર્થીએ એજ્યુકેશન લોન શિડ્યુલ બેંકમાંથી લીધેલ ન હોય
4. વિદ્યાર્થીએ ચેક લીસ્ટ મુજબના દસ્તાવેજો માંગણી કરવા છતાં જમા કરાવેલ ન હોય
5. સરકારશ્રીની અન્ય યોજનાનો પણ લાભ મેળવેલ હોય

## (૪)

**પ્રશ્ન : એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી(સહાય) યોજનામાં ફ્રેશ અરજી કરતા વિદ્યાર્થીઓએ કેવી રીતે અરજી કરવાની રહેશે ?**

**જવાબ :** એજ્યુકેશન લોન પર વ્યાજ સબસિડી(સહાય) યોજના અંતર્ગત ફ્રેશ અરજી કરતા વિદ્યાર્થીઓએ નીચે મુજબ ઓનલાઈન પ્રક્રિયા કરવાની રહે છે.

1. નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાતની વેબસાઈટ https://kcg.gujarat.gov.in/ પર જઈને **Interest Subsidy Scheme on Education Loan(ISSEL),** પર ક્લિક કરી વિદ્યાર્થીઓએ સૌ પ્રથમ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરીને અરજી અંગે જરૂરી માહિતી ભરવાની રહે છે.
2. ઉપરોક્ત માહિતી ભર્યા બાદ એકનોલેજમેન્ટ રિસિપ્ટ ડાઉનલોડ થશે, જેને ચેક લીસ્ટ મુજબના દસ્તાવેજો સાથે જોડીને નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત, એલ.ડી. એન્જિનિયરીંગ અને ગર્લ્સ પોલીટેકનીક કોલેજની વચ્ચે, પી.આર.એલ.ની સામે, નવરંગપુરા–૩૮૦૦૧૫, અમદાવાદના સરનામાં પર રૂબરૂ/રજીસ્ટર એડી પોસ્ટ/સાદી પોસ્ટ/કુરિયર દ્વારા મોકલી આપવાની રહે છે.